# રાજકોટ મહાનગરપાલિકા

ડૉ. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧

-: અખબારી યાદી:-

# પૂજ્ય મહાત્મા ગાંધી મ્યુઝિયમ ખાતે જુવેનાઈલ ડાયાબિટીસ ફાઉન્ડેશનના બાળકો અને એડવાન્સ્ડ ટ્રેઈન્ડ યોગ એક્સપર્ટ બાળકો દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરાઈ

## *એડવાન્સ્ડ ટ્રેઈન્ડ યોગ એક્સપર્ટ બાળકોનું સોંગ અને રીધમ ઉપર વિશેષ યોગાભ્યાસ પરફોર્મન્સ*

તારીખ: ૨૩-૦૬-૨૦૨૨

તા.૨૧/૦૬/૨૦૨૨ના રોજ "વિશ્વ યોગ દિન " નિમિતે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પૂ. મહાત્મા ગાંધી મ્યુઝીયમ ખાતે જુવેનાઈલ ડાયાબિટીસ ફાઉન્ડેશનનાં બાળકો અને એડવાન્સ્ડ ટ્રેઈન્ડ યોગ એક્સપર્ટ બાળકો દ્વારા યોગનું સફળ આયોજન કરવામાં આવેલ.

જુવેનાઈલ ડાયાબીટીસ ફાઉન્ડેશનનાં બાળકો દ્વારા યોગ નિદર્શન કરવામાં આવ્યા બાદ એડવાન્સ્ડ ટ્રેઈન્ડ યોગ એક્સપર્ટ બાળકો દ્વારા સોંગ અને રીધમ ઉપર વિશેષ યોગાભ્યાસ પરફોર્મ કરવામાં આવેલ.

જેમાં મુખ્ય મહેમાન તરીકે પૂ. મેયર રક્ષાબેન બોળીયા તથા ભાવનગર શહેર પ્રભારી અને સ્ટેન્ડીંગ કમિટી પૂર્વ ચેરમેન કશ્યપભાઈ શુક્લ ઉપસ્થિત રહેલ. તેમજ અહી જુવેનાઈલ ડાયાબિટીસ ફાઉન્ડેશનના બાળકો તથા ટ્રસ્ટી અપુલભાઈ દોશી, રોહિતભાઈ કાનાબાર, અજયભાઈ લાખાણી, મિતેશભાઈ ગણાત્રા, પીનાબેન દવે ઉપસ્થિત રહેલ. તેમજ યોગ ઇન્સ્ટ્રક્ટર તરીકે જ્યોતિબેન પરમાર તેમજ આસી.મેનેજર બી.એલ.કાથરોટીયા, ડે.એમ.ઓ.એચ. ડૉ.હાર્દિક મહેતા ઉપસ્થિત રહેલ. કાર્યક્રમનું સંચાલન કોમ્યુનિટી ઓર્ગેનાઈઝર દીપ્તિબેન અગરિયાએ કરેલ.

આ ઉપરાંત રેસકોર્ષ, નાના મવા સર્કલ પાસેના ગ્રાઉન્ડ , પૂ.રણછોડદાસ બાપુના આશ્રમ સામેનું ગ્રાઉન્ડ, જુદી જુદી સ્કુલો, લાઈબ્રેરી વગેરે કુલ-૮૧ જગ્યાએ યોગ કાર્યક્રમની ઉજવણી કરાઈ હતી.

(જન સંપર્ક અધિકારી)
રાજકોટ મહાનગરપાલિકા